રૂપાંતરીત ગ્રામ/નગર પંચાયતના કર્મચારીઓનું
સ્વૈચ્છિક નિવૃતિ સમયે સમયસર પેન્શનપાત્ર સેવાનું
પ્રમાણપત્ર મેળવી લેવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: નપમ/૨૪૨૦૦૬/૫૨૭/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- 18 JUL 2006

**પરિપત્ર:-**

વિભાગ હેઠળની રૂપાંતરીત ગ્રામ પંચાયતોના કર્મચારીઓના સ્વૈચ્છિક નિવૃતિના કેસો મંજુર કરવામાં આવે ત્યારે પેન્શન પાત્ર સેવાનું પ્રમાણપત્ર મેળવેલ ન હોવાના કારણે કેટલાક કર્મચારીઓના પેન્શન કેસોમાં વિલંબ થવાના તથા સરકારશ્રીના નાણા વિભાગની પાશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. આમ ન બનવા પામે તે માટે આથી જણાવવામાં આવે છે કે, રૂપાંતરીત ગ્રામ/નગર પંચાયતના કર્મચારીઓ જયારે સ્વૈચ્છિક નિવૃતિ લે ત્યારે સક્ષમ અધિકારીશ્રીનું પેન્શનપાત્ર સેવા પુરી કર્યાનું પ્રમાણપત્ર સમયસર મેળવી લેવા અંગે સર્વે ગ્રામ /નગર પંચાયતને જે તે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જાણકારી આપવાની રહેશે. આમ ઉપર મુજબની સુચનાઓનુ ચુસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
અધિક સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,
-વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજય, ગાંધીનગર.
-સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
-નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ ગાંધીનગર.
-નાણા વિભાગ પી શાખા સચિવાલય, ગાંધીનગર.
-સિલેકટ ફાઇલ.